**જીસ્વાનથી**

ક્રમાંકઃ જી-૧/એમસીઆર/કેદીપાર્ટી/ ૬૭૪ /૧૦
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા:૨૧ /૪/૨૦૧૦

**વિષયઃ** કેદીઓ નાસી નહિ જાય તેના માટે જરૂરી પગલાં લેવા અંગેની સૂચનાવલી અને તેની અમલવારી કરવા બાબત.
**હવાલોઃ** બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૨૩

**સ્થાયી હુકમ નં. ૧૩/૧૦**

હાલના વર્ષોમાં જોવામાં આવેલ છે કે પોલીસ જાપ્તામાંથી કેદીઓ નાસી જવાના બનાવો વધેલ છે. તેના કારણો તપાસી નિવારાત્મક પગલાં સૂચવેલ છે જે મુજબ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

(૧) જયારે પણ કેદીઓની સંખ્યા અને કેદીપાર્ટીની સંખ્યા મળીને છ અથવા છ થી વધારે થાય ત્યારે પોલીસ વાહન મોકલવું. કેદીઓની સંખ્યા મોટી હોય તો મોટું વાહન વાપરવું.

(૨) વાહનોની અછત હોય તો અને ડીઝલની બચત કરવા માટે મોટું વાહન સ્થાનિક કેદીઓ માટે વાપરવું અને બહારગામના કેદીઓ માટે લાઇટ વાહન જેવું વાહન વાપરવું.

(૩) પોલીસના મોટાભાગના વાહનોમાં કેદીઓ અને કેદીપાર્ટીના માણસો માટે પાર્ટીશન રહેતું નથી. પ્રિઝન વાનની અછત છે તેમજ ઓછી સંખ્યાના કેદીઓ માટે પ્રિઝન વાન વાપરવામાં આવતું નથી. જેથી જરૂરી સંખ્યામાં લાઇટ વાનમાં કેદીઓની જગ્યા અને કેદીપાર્ટી માટેની જગ્યામાં વચ્ચે લોખંડની જાળીના નાના બારણા સાથેનું પાર્ટીશન તૈયાર કરવું.

(૪) પોલીસના માણસો રાયફલ સાથે અને ચામડાના બૂટમાં હોય છે. જેથી કોઇ કેદી નાસી જાય તો તેઓ કેદીને પકડવામાં ઘણી વખત નિષ્ફળ જાય છે. જેથી કેદીપાર્ટીની ફરજ દરમિયાન તેમને જંગલ બૂટ અથવા પીટી શૂઝ આપવા. આ અંગે જરૂર પડે સ્થાનિક ખરીદી કરવી. સામાન્ય કેદીઓ માટે કેદીપાર્ટીને રાયફલ નહિ આપી લાઠી, દોરડું /હથકડી આપવું.

(૫) ખતરનાક કેદીઓ અને આવા કેદીઓ જેમની નાસી જવાની શકયતા છે તેમના માટે મજબૂત કેદીપાર્ટી રાખવી. દરેક ખતરનાક કેદી માટે અને નાસી જાય તેવા કેદીઓ માટે પોલીસ અધીક્ષકશ્રી/નાયબ પોલીસ કમિશનરશ્રી હેડકવાર્ટર તેમના ભૂતકાળના રેકર્ડ તપાસી લેખિત હુકમો બહાર પાડશે. અતિશય ખતરનાક કેદી માટે ૧ પો.સ.ઇ રીવોલ્વર સાથે, ૧ હે.કો. પિસ્તોલ સાથે, ૨ લોકરક્ષક હથકડી, રસ્સી અને દોરડા સાથે, ૧ કમાન્ડો સ્ટેનગન સાથે અને ૧ કોન્સ્ટેબલ રાયફલ સાથે, તમામ જંગલ બૂટ અથવા પીટી શૂઝમાં, કેદીપાર્ટી અને કેદીઓ માટેના પાર્ટીશનવાળા વાહનમાં ફાળવી શકાય છે. આ અંગે કેદી દીઠ સ્કેલ નકકી કરવાની સત્તા પોલીસ અધીક્ષક/નાયબ પોલીસ કમિશનર, હેડકવાર્ટરની રહેશે.

(૬) ખતરનાક કેદીઓ તેમજ જે કેદીઓ ભૂતકાળમાં નાસી ગયેલ હોય તેમને જેલમાંથી બહાર કાઢવામાં આવશે નહિ તેવો હુકમ સી.આર.પી.સી. ની કલમ ૨૬૮ મુજબ ગૃહ વિભાગ પાસેથી મેળવવા માટે દરખાસ્ત રજૂ કરશો. દરખાસ્તમાં સ્પષ્ટ જણાવશો કે ખરેખર જયારે ટ્રાયલ શરૂ થવાની હોય ત્યારે તેમને જેલમાંથી નામ. કોર્ટમાં ટ્રાયલ માટે લઇ જઇ શકાશે પણ ફકત પ્રોડકશનની કામગીરી માટે લઇ જવાનું રહેશે નહિ.

...અધ્યક્ષશ્રી સાથે સંકલન કરી બુટલેગરો ઉપર વધુમાં વધુ પાસાના કેસો કરવા

(૭) ચોક્કસ આરોપીઓને કેદી જાપ્તામાં ચોક્કસ પોલીસના માણસો ફાળવવામાં આવે છે તેવા દાખલાઓ પણ ધ્યાનમાં આવેલ છે. રસ્તામાં સગવડો આપવા કે નાસી જવાની તક અપાવવા માટે આવું બનતું હોય છે. આવા કેસોમાં કેદી નાસી જાય ત્યારે ફકત કેદીપાર્ટી વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવે છે તે બરાબર નથી. દર વખતે એકના એક માણસોને આજ કેદી ઉપર જાપ્તામાં મોકલવામાં આવેલ છે તે રેકર્ડ ઉપરથી પૂરવાર થાય છે અને આ હકીકત કેદીઓને નાસી જવામાં મદદગારી અને કાવતરાનો અંગૂલીનિર્દેશ કરે છે. જેથી ફરજ વહેંચણી કરનાર કર્મચારીઓ અને અધિકારીઓને પણ યોગ્ય કેસમાં ગુનામાં આરોપી તરીકે જાહેર કરવા.

(૮) કેદીપાર્ટીની વહેંચણીની કામગીરીના સુપરવિઝનની અંગત જવાબદારી નાયબ પોલીસ અધીક્ષક, મુખ્ય મથક/મદદનીશ પોલીસ કમિશનર, મુખ્ય મથકની રહેશે. ચોક્કસ કેદી ઉપર ચોકકસ કેદીપાર્ટી વારંવાર ફાળવવામાં નહિ આવે તે જોવાની તેમની પ્રાથમિક જવાબદારી રહેશે.

(૯) નાર્કોટીકસ અને ડ્રગ ટ્રાફીકીંગના ગુનેગારો તેમજ વારંવાર શરીર સબંધી અને મિલકત સબંધી ગુના કરતા કેદીઓને દર વખતે કેદીપાર્ટીમાં અલગ અલગ પોલીસના માણસો ફાળવવા સૂચના છે.

(૧૦) કેદીઓને બહારગામ મોકલવામાં આવે ત્યારે સ્કેલ કરતાં વધારે માણસો મૂકવા સૂચના છે. ઘરફોડ ચોરીના આરોપી ૩ કેદીઓને રાજકોટથી સુરત મોકલવામાં આવે અને સ્કેલ મુજબ માત્ર ૩ પોલીસના માણસો રહે તે વાજબી નથી. આવતા જતાં ર થી ૩ દિવસ થાય જેમાં અલગ અલગ કેદીઓ બાથરૂમ વગેરે અલગ અલગ જતા હોઇ, સ્કેલ કરતાં વધારે માણસો મૂકવા સૂચના છે.

(૧૧) કેદીઓને મોકલવામાં પોલીસ મેન્યુઅલ ભાગ-૩ ના નિયમ ૪૪૦ પ્રમાણે ૫૦ વર્ષ જૂના સ્કેલ મુજબ કેદીપાર્ટી ફાળવવામાં આવે છે. આ નિયમ મુજબ ર કેદીઓ માટે ૩, ૩ કેદીઓ માટે ૩ પોલીસના માણસો મોકલવાના રહે છે. જેમ જેમ કેદીઓની સંખ્યા વધે છે તેમ તેમ પોલીસના માણસોની સંખ્યા ઘટે છે. મોટાભાગના કેદીઓ ઓછી વયના હોય છે. કેદીપાર્ટીમાં દા. ત. ૩ કેદી ઉપર ૩ પોલીસના માણસો હોય તો ઓછામાં ઓછો એક માણસ તો ૫૦ વર્ષથી વધુ ઉમંરનો હશે જ. હથકડી/દોરડાથી બાંધવા ઉપર પણ પ્રતિબંધ આવેલ છે. જેથી જે કેદીઓ અગાઉ નાસી ગયેલ છે, નાર્કોટીકસ અને ડ્રગ્સના આરોપીઓ છે, ખૂન અને વ્હાઇટ કોલર ક્રાઇમ જેવા ગંભીર ગુનાના આરોપીઓ છે અને જેમની પ્રવૃત્તિથી જણાય આવે કે નાસી જાય તેમ છે તેવા કેદીઓ માટે સ્કેલ કરતાં વધારે માણસ મૂકવા સૂચના છે.

(૧૨) એવું ધ્યાન પર આવેલ છે કે કેદીપાર્ટી માટેનું મંજૂર મહેકમ જૂજ સંખ્યાનું હોય છે. જયારે તેથી અનેકગણા વધારે માણસો આ ડયુટી માટે ફાળવવામાં આવેલ છે. જેથી હાલની જરૂરીયાત મુજબ કેદીપાર્ટી માટે વધારે માણસોની માંગણી અંગે દરખાસ્ત મૂકવા સૂચના છે.

(૧૩) કોર્ટ બિલ્ડીંગમાં લોકઅપ ગાર્ડ હોય છે તેમ છતાં લોકઅપ માટેના રૂમનો ઉપયોગ કોર્ટ તરફથી બીજા હેતુસર કરવામાં આવે છે. આના લીધે કેદીઓને ખુલ્લામાં અથવા તો બિલ્ડીંગની બહાર વાહનમાં સમગ્ર દિવસ રહેવું પડે છે. પોલીસના માણસો કેદીઓને વારાફરતી કોર્ટમાં મુદત માટે પ્રોડકશન કરતા હોય તે દરમિયાન કેદીઓને નાસી જવાની તક મળે છે. સાથોસાથ કેદીપાર્ટીના વાહનો સમગ્ર દિવસ રોડ ઉપર ઉભા રહેતાં વધારે વાહનોની જરૂર પડે છે. લોકઅપ ગાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવે તો એકજ પ્રિઝન વાન બે થી ત્રણ ટ્રીપ કરીને વધારે કેદીઓને જેલમાંથી લાવીને કોર્ટમાં રજૂ કરી શકે છે. જીલ્લા મુખ્ય મથક અને શહેર ખાતે જયાં ઘણી કોર્ટો હોય છે ત્યાં આવી સમસ્ય મોટી છે. પ્રિઝનવાન રોડ ઉપર આખો દિવસ ઉભી રહેતી હોય ટ્રાફિક જામની સમસ્યા પણ ઉભી થાય છે. જેથી પોલીસ અધીક્ષકશ્રી અને નાયબ પોલીસ

'અધ્યક્ષશ્રી સાથે સંકલન કરી બુટલેગરો ઉપર વધુમાં વધુ પાસાના કેસો કરવા.

કમિશનરશ્રી, મુખ્ય મથક આ અંગે પ્રિન્સીપાલ સેશન્સ જજશ્રીને સરકારી વકીલ સાથે મળીને કોર્ટ બિલ્ડીંગમાં રાખવામાં આવેલ લોકઅપ રૂમ લોકઅપ માટે સુપ્રત કરવામાં આવે તે અંગે રજૂઆતો કરશે અને પરિણામો મેળવશે.

(૧૪) નામ. સુપ્રિમ કોર્ટના હુકમો મુજબ કેદીઓને પ્રથમ વખત જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યા પછી નામ. કોર્ટની પરવાનગી વગર કેદીઓને હથકડી, દોરડાથી બાંધી નહીં શકાય. જેથી જે કેદી નાસી જાય અથવા હિંસક બનશે તેમ શંકા જાય તો તેમને હથકડી, દોરડા બાંધવા માટે કોર્ટની પરવાનગી લેવા નામ. કોર્ટને અરજી કરવી. હથકડી, દોરડા વગરના કેદીઓ માટે કેદીપાર્ટીનો સ્કેલ વધારવામાં આવેલ નથી. આ તકનો લાભ લઇને કેદીઓ નાસી જતા હોય છે. નામ. ગુજરાત હાઇકોર્ટે ફોજદારી પરચૂરણ અરજી નં. ૬૫૭૨/૨૦૦૦ આર.પી. વાઘેલા વિરૂધ્ધ સ્ટેટમાં જાહેર કરેલ છે કે કેદીઓને જેલમાંથી સંભાળ્યા પછી અથવા તો કોર્ટમાંથી રવાના થયા પછી રસ્તામાં જો કેદી હિંસક બને અથવા તો નાસી જવાનો પ્રયાસ કરે તો આવા તાત્કાલિક સંજોગોમાં કેદીને હથકડી, દોરડું લગાડી શકાય છે. આવા કેસોમાં કેદીપાર્ટીને વ્યાજબીપણા ની લેખિત નોંધ કરવી જોઇએ અને કોર્ટમાં રજૂ કરતી વખતે નામ. કોર્ટને જાણ કરવી જોઇએ. આ જોગવાઇની સમજ હથિયારી માણસોને કરવી.

(૧૫) જે શહેરો અને જીલ્લા મુખ્ય મથકોમાં વિડીયો કોન્ફરન્સીંગ સુવિધા ઉપલબ્ધ થઇ છે તે શહેર અને જીલ્લાઓમાં કેદીઓના પ્રોડકશન વિડીયો કોન્ફરન્સીંગ મારફતે જ કરવાની રહે છે. તેમાં ટેકનીકલ ફોલ્ટ આવે તો કેદીપાર્ટી મારફતે કેદીઓને રજૂ કરવાના રહે છે. જેથી આ સુવિધાનો પૂરેપૂરો ઉપયોગ થાય તેના માટે પોલીસ અધીક્ષકશ્રીઓ/પોલીસ કમિશનરશ્રીઓ સરકારી વકીલશ્રીના સંપર્કમાં રહી પરિણામલક્ષી કામગીરી કરશે.

(એસ. એસ. ખંડવાવાલા)
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, પી.એન્ડએમ., ગુ. રા., ગાંધીનગર
- અત્રેની કચેરીની બી-બ્રાન્ચ, એચ-બ્રાન્ચ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩/- આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરકયુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે. આ સ્થાયી હુકમની દરેક સૂચનાની તાત્કાલિક અમલવારી કરાવીને પોલીસ કમીશનરશ્રી/રેન્જ વડાશ્રી માસ એકમાં મુદ્દાસર અહેવાલ નિમ-પત્રથી અત્રે પાઠવશે અને નકલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ)ને મોકલશે.

(સુધીર સિન્હા)
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર

21.4.10.

(૪) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાથે સંકલન કરી.